# સાહિત્ય અને કલા ખાતર કલા

ધીરુ પરીખ

સાહિત્યમાત્ર મનુષ્યની સરજત છે. વેદકાળથી તે પશ્ચિમમાં પ્લૅટો – ઍરિસ્ટૉટલ સહુએ આ સત્યને કે આ તથ્યને સ્વીકાર્યું છે. વળી, સાહિત્ય એ મનુષ્યની સરજત હોઈ એમાં મનુષ્યજીવનની સકલ છાયાઓને આવરી લેવાઈ છે. માનવજીવનમાં ચડતી છે તો પડતી પણ છે, સુખ છે તો દુઃખ પણ છે, વિજય છે તો પરાજય પણ છે. આમ મનુષ્યજીવન આવાં દ્વંદ્વોથી ઘડાયેલું છે. આથી જ એમાં મનુષ્યજીવનનાં આ વિવિધ પાસાંઓ અંકિત થયેલાં જોવા મળે છે.

સાહિત્યસર્જન પાછળનો આ ચીલો અદ્યપિ જારી રહ્યો છે. પણ પશ્ચિમમાં અને ખાસ કરીને ફ્રાન્સમાં ૧૮મી સદીના અંતભાગે થયેલા વિક્તર કોઝીને (Victor Cousin-૧૭૯૨-૧૮૬૭) આ વિચારસરણીની ફેરવિચારણા કરી. કલાને કંઈક જુદા પરિપ્રેક્ષ્યમાં નીરખી. જીવનથી એને અળગી ગણવાનો વિચાર રજૂ કર્યો. જોકે આ દિશામાં પ્રથમ ચોક્કસ નામ તો ગૉતિએર (Gautier)નું ગણવામાં આવે છે. એમણે વિચાર્યું અને પ્રચાર્યું :

'A town interests me merely for its buildings. Let inhabitants be utterly vile and the town a haunt of crime, what does that signify to me so long as I am not assassinated while looking at the buildings.'

(નગર મને માત્ર એનાં મકાનોને કારણે રસપ્રદ લાગે છે. ભલે ત્યાંનાં રહેવાસીઓ તદ્દન અધમ હોય અને ગામ ગુનેગારીનો અડ્ડો હોય, મને તો જ્યાં સુધી તે મકાનો તરફ જોતાં મારું કાસળ કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી મારી આ માન્યતા છે.)

ગૉતિઅરે આ વાત પ્રતીકાત્મક રીતે રજૂ કરી છે. એનું કહેવું એમ છે કે નગરમાં મકાનોનો મહિમા છે, એમાં વસનારાંનો નહિ એટલે કે સાહિત્યકૃતિમાં બાહ્ય બાબતો-દેખાવો–વિગતોનો મહિમા છે, નહિ કે એમાં શું કહેવામાં આવ્યું છે તેનો. એને મન મકાનનો આકાર, તેનું અસ્તિત્વ જ મહત્ત્વનું છે, નહિ કે તેમાં રહેનારનું. એટલે કે સાહિત્યકૃતિમાં બાહ્યાકારનો બાહ્ય સ્વરૂપનો મહિમા છે, નહિ કે તેમાંના કથયિતવ્યનો. આમ તેણે સાહિત્યકૃતિના બાહ્ય આકાર પર ભાર મૂક્યો.

૧૮૩૫માં ફ્રેન્ચ નવલકથાકાર થિયોફિલ ગૉતિય પોતાની નવલકથા 'માદામોઝેલ દ મોંપે'ની પ્રસ્તાવનામાં આત્મલક્ષિતા અને લાગણીવેડા પર પ્રહારો કરે છે અને એવી કવિતાની સામે છેડે તે સૂત્ર આપે છે : 'L'art pour 'lart' – ધી આર્ટ ફૉર ધી આર્ટ – કલા ખાતર કલા. અને પછી આ વિભાવનાનો વ્યાપ વિસ્તરતો જાય છે.

અમેરિકામાં એડગર ઍલન પોએ પણ આ સિદ્ધાંતને સ્વીકારી તેને ઊંડાણથી ચર્ચ્યો છે.

તો વળી બીજા એક ફ્રેન્ચ વિવેચક રેનને (Renan) પણ આ વાત પર જ ભાર મૂક્યો. એમણે પણ જીવનની વાસ્તવિકતાને કલાની વાસ્તવિકતાથી જુદી ગણી. એમણે જણાવ્યું :

"What are we to make of such 'enfeebled' artists as Aescchylus, Thucydides, Dante, Chaucer, Camoens, Leonordo, Michael Angelo, Sidney, Shakespeare, Cervantes, Milton, or Goethe – all of them men of imagination who let themselves be sullied by living active lives ?"

(એસ્કિલસ, થસિડાઇડ્ઝ, ડૅન્ટિ, ચૉસર, કામોન્સ, લિઓનાર્દો, માઇકલ એન્જેલો, સિડની, શેક્સ્પિઅર, સર્વાન્ટિસ, મિલ્ટન કે ગોએથે જેવા નબળા કલાકારો સાથે આપણે શી લેવાદેવા – તે બધા જ કલ્પનોઠ્યનોના માણસો છે કે જેઓ વાસ્તવિક કર્મશીલ જીવનથી ઉફરા ચાલે છે.)

આમ જીવન નહીં, પણ સ્વયં કલા જ કલા ખાતર સંભવી શકે છે. આ રીતે કલામાં, કલાના ક્ષેત્રમાં, કલાની અભિવ્યક્તિમાં જીવનની કોઈ વાત કે જીવનનો કોઈ વણાટ નહીં પણ કેવળ કલા જ મહત્ત્વની બની રહે છે તેવી એક કલા-વિભાવના વહેતી થઈ. આમાં ફ્રાન્સના મહાન ટ્રેજિક લેખક ફ્લૉબર્ત જરા મોળા વિચારના જણાય છે. એમણે જણાવ્યું :

'No great poet has ever drawn conclusions'

(કોઈ મહાન કવિએ કદી કોઈ નિષ્કર્ષો તારવ્યા નથી.)

અહીં ફ્લૉબર્તે ભલે કવિ શબ્દ વાપર્યો હોય, પણ એનો સંકેત ગદ્યપદ્યના કોઈ પણ સર્જક તરફનો છે. આ નિષ્કર્ષો તારવવાની વાત લક્ષણાથી જીવન સાથે જડાયેલી છે. આ જ દૃષ્ટિબિન્દુને ફ્રાન્સના જાણીતા મહાન કવિ બૉદલેરે પણ આ પ્રમાણે દઢાવ્યું હતું :

'Poetury has no end beyond itself. If a poet has followed a moral end he has diminished his poetic force and the result is most likely to be bod.'

(કવિતાને પોતાના સિવાય બીજો કશો હેતુ નથી. જો કવિ કોઈ નૈતિક હેતુ અનુસર્યો હોય તો તો તેણે પોતાના કાવ્યાત્મક જોસ્સાને ઘટાડ્યો હોય છે અને એનું પરિણામ ઘણા ભાગે ખરાબ નીવડે છે.)

જોકે બૉદલેરે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પૅરિસના નવીનીકરણથી નારાજ થઈ કાવ્યરચનાઓ પણ કરેલી છે, જે દર્શાવે છે કે જીવન પર આસપાસના ભૌતિક

વાતાવરણની પણ અસર પડતી હોય છે. આમ, બૉદલેરમાં કલા ખાતર કલાની સાથે સાથે જીવન ખાતર કલાની પણ આડકતરી જિકર કરાયેલી જોવા મળે છે.

તો વળી વર્લેઇન (Verlaine) તો બીજા છેડે જઈ કલા બિનનૈતિક જ નહીં પણ નીતિવિરોધી છે તેમ જણાવે છે :

''...I wish art to be irresponsible in order that I may indulge without reproach my sadism, my masochism, and my anti-parental neurosis.''

(હું ઇચ્છું છું કે કલા બેજવાબદાર હોય કે જેથી હું તેમાં કોઈ પણ પ્રકારની નામોશી વગર મારી પરપીડાની વૃત્તિ, પીડાને સહવાની વૃત્તિ અને મારી માબાપવિરોધી માનસિક વિકૃતિમાં રાચી શકું.)

આમ, જાણે કે કલામાં જીવનવિરોધી વાતોનો એ મહિમા કરે છે. આ રીતે કલાસર્જનમાંથી જીવનલક્ષિતાનો એકડો કાઢી નાખવાની દૃષ્ટિ કે વિચાર ફ્રાન્સમાંથી સમગ્ર યુરોપ અને પછી ત્યાંથી સમગ્ર વિશ્વની સાહિત્યચર્ચામાં જોર પકડે છે. વીસમી સદીના આરંભે આકારવાદ પર ભાર મૂકતી વિવેચના આ કલા ખાતર કલાની જ તરફેણ કરે છે.

આપણા દેશમાં અને આપણી ભાષાસાહિત્યની વિવેચનામાં તથા સર્જનમાં આ કલા ખાતર કલાનું દૃષ્ટિબિન્દુ વીસમી સદીના ઉત્તરાર્ધની આસપાસ સક્રિય બને છે. આપણે જેને આધુનિક યુગ કહીએ છીએ અથવા કલામાં જેને આધુનિકતા કહીએ છીએ તેની વિભાવનામાં આ પણ એક લક્ષણ સમાવિષ્ટ થયેલું જોવા મળે છે. ૧૯૨૬માં મુનશીએ પોતાના વ્યાખ્યાન-લેખ 'રસાસ્વાદનો અધિકાર'માં કંઈક આવી જ વાત કરી છે :

'ઈશ્વર, સત્ય અને નીતિ ઘણી સારી, ઘણી ઉપયોગી, ઘણી જરૂરી ને ઘણી પૂજ્ય વસ્તુઓ છે. પણ જ્યાં સરસતા જ પરબ્રહ્મ છે, રસિકતા જ ગુરુ છે, જ્યાં રસાસ્વાદ જ પૂજકને અધિકાર અર્પે છે તેવા કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે અને આનંદપ્રાપ્તિના નિર્વાહમાં અંતરાયરૂપ થઈ પડે છે અને આ વિષકન્યાની વાત ગમે તેવી આકર્ષક અને મીઠી લાગે, પણ તેનો સ્પર્શ વિષ પ્રસારવાનો છે અને વિષ રસાસ્વાદ ને રસદૃષ્ટિ બંનેને નિશ્ચેતન કરે છે.'

આ જીવનનિરપેક્ષ કલાની વિભાવના ત્યાર પછી સુરેશ જોષી ઇત્યાદિ સર્જક-વિવેચકોએ આપણે ત્યાં ચર્ચી છે. જોકે ત્યારે આનંદશંકર ધ્રુવ, નરસિંહરાવ, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી ઇત્યાદિએ કલામાં જીવનના પરિહારને વર્જ્ય ગણ્યો છે. આ રીતે આપણે ત્યાં પણ પશ્ચિમના દેશોની જેમ 'કલા ખાતર કલા'ની વિચારણા થોડાં વર્ષો માટે એક પ્રકારના આંદોલનનું રૂપ ધારણ કરે છે. એમ તો આપણા પૂર્વસૂરિ મમ્મટે કહ્યું જ છે કે કવિતા 'નિયતિકૃત નિયમરહિતા' છે. પણ ત્યારે તેમાં કલાકારની સર્જકતાનો

મહિમા કરાયો છે. કલાના નિયમો નિયતિદત્ત નથી, પણ સર્જકદત્ત છે. આમ જોઈશું તો પ્રાચીન કાળથી અદ્યપિ કલાનો મહિમા જુદી જુદી રીતે થતો જ રહ્યો છે પણ તેને માનવજીવનથી રહિત ગણવામાં આવી નથી.

સાહિત્યકૃતિનો સર્જક મનુષ્ય છે. આથી મનુષ્યસર્જિત સાહિત્યકલામાં માનવજીવનનો મહિમા કે તેની વાત આવે તે કોઈ તિરસ્કરણીય તારણ નથી. જો મનુષ્ય જ નથી તો સાહિત્યસર્જન થશે કઈ રીતે ? અને જો મનુષ્ય સાહિત્યસર્જન કરે છે તો તેમાં માનવજીવનને અચૂક સ્થાન હોય જ. પણ જ્યારે કલાકીય શુષ્કતાનો સર્જનમાં પ્રવેશ થાય ત્યારે કલાની મહત્તાનો મહિમા સર્વ કાળે, સર્વ સ્થળે, સર્વ સર્જકો દ્વારા સ્વીકારાયેલો જ છે. 'કલા ખાતર કલા' એ વિભાવના અને સૂત્ર સર્જન જ્યારે કલાનાં ધોરણોથી નીચે ઊતરવા લાગ્યું ત્યારે તેની સામે આ આત્યંતિક ઉદ્‌ગાર બની રહ્યો. પરિમામે અનુ-આધુનિક કાળમાં પુનઃ કલા અને જીવનનો અનિવાર્ય સંબધ સ્વીકૃતિ પામતો થયો.

આમ, 'કલા ખાતર કલા'ના સિદ્ધાંતમાં જો સમજપૂર્વકનો અભિનિવેશ થાય તો તેમાં સાહિત્યકૃતિના કલાપક્ષ પર ભાર મુકાયો છે અને તેમાં કશું નવું પણ નથી. જ્યારે સર્જનમાં કલાતત્ત્વનું મંદીકરણ થવા લાગ્યું ત્યારે તે કલાતત્ત્વ પર ભાર મૂકવા માટે 'કલા ખાતર કલા'નું વિધાન અસ્તિત્વમાં આવ્યું છે તેનો જો પૂરો ઇતિહાસ ખયાલમાં રહે તો આ વિધાનમાં જીવનનો પરિહાર નથી તે સમજાયા વગર રહેશે નહીં.

18